JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ દશમ શુક્રવાર ૧૩ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૮

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

મોજતબા ખામેનેઇએ સુપ્રીમ લીડર બન્યા પછી પ્રથમ નિવેદન બહાર પાડ્યું

હોર્મુઝ બંધ જ રહેશે, હુમલા ચાલુ રહેશે: ઈરાનના નવા નેતા

હોર્મુઝની ખાડીને બંધ રાખવાની સાથે જ હુમલાઓ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા પણ ઉચ્ચારી

જો કે મોજતબા કેમેરા સામે ન આવ્યા, તેમનું નિવેદન સરકારી ટીવી એન્કરે વાંચી સંભળાવ્યું, મોજતબા ઇજાગ્રસ્ત હોવાની અટકળો

દુબઈ, તા. 12(AP): ઈરાનના નવા સર્વોચ્ચ નેતાએ તેમના સ્વર્ગસ્થ પિતાના ઉત્તરાધિકારી બન્યા બાદ પોતાનું પ્રથમ નિવેદન બહાર પાડ્યું છે. ગુરુવારે તેમણે જણાવ્યું હતું કે ઈરાન તેના ખાડી આરબ પડોશીઓ પર હુમલા ચાલુ રાખશે અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બંધ કરી તેનો ઉપયોગ અમેરિકા અને ઈઝરાયેલ સામે દબાણ લાવવા માટે કરશે. સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ (56 વર્ષ), જેમના વિશે ઈઝરાયેલને શંકા છે કે તેઓ યુદ્ધના પ્રારંભિક હુમલાઓમાં ઘાયલ થયા હતા, તેઓ કેમેરા સામે આવ્યા નહોતા અને તેમનું નિવેદન સ્ટેટ ટીવી ન્યૂઝ એન્કર દ્વારા વાંચવામાં આવ્યું હતું. આ નિવેદનમાં યુદ્ધમાં માર્યા ગયેલા લોકોનો બદલો લેવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી, જેમાં એક શાળા પર થયેલા હુમલાનો પણ ઉલ્લેખ હતો જેમાં 165થી વધુ લોકોના મોત થયા હતા. આ નિવેદન તે યુદ્ધ ચાલુ રાખવાની ઈચ્છા દર્શાવે છે જેણે

...અનુસંધાન પાના 5 પર

મોજતબા ખરેખર છે ક્યાં?

કોમામાં છે? પગ ગુમાવ્યો કે માર્યા ગયા છે?

૨૮ ફેબ્રુઆરીએ થયેલા ભીષણ હવાઈ હુમલામાં અયાતુલ્લા અલી ખામેનીના મૃત્યુ બાદ, તેમના પુત્ર મોજતબા ખામેનીએ સત્તા સંભાળી છે. જોકે, હાલમાં ઈરાન કોણ ચલાવી રહ્યું છે તેને લઈને અનેક સવાલો ઊભા થયા છે. અહેવાલો અનુસાર, ૫૬ વર્ષીય મોજતબા ખામેની પોતે પણ ગંભીર રીતે ઇજાગ્રસ્ત છે અને હાલમાં તેહરાનની સિના યુનિવર્સિટી હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર હેઠળ હોવાનું મનાય છે. એવી પણ અફવાઓ છે કે તે કોમામાં છે અથવા તો હુમલામાં તેમણે પોતાનો એક પગ ગુમાવ્યો છે. અટકળો એવી પણ છે કે હુમલામાં

...અનુસંધાન પાના 5 પર

અખાતી દેશો પર ઇરાનના હુમલા ચાલુ

બ્રિટિશ સૈન્યના યુનાઇટેડ કિંગડમ મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરના જણાવ્યા અનુસાર, ગુરુવારે વહેલી સવારે દુબઈના દરિયાકાંઠે એક કન્ટેનર જહાજ પર મિસાઈલ કે અન્ય કોઈ વસ્તુ ફેંકવામાં આવતા તેમાં નાની આગ લાગી હતી. જો કે, તેમણે જણાવ્યું હતું કે જહાજના ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

...અનુસંધાન પાના 5 પર

ઈરાન શાંતિ માટે તૈયાર પણ 3 શરતો

તેહરાન: અમેરિકા અને ઈઝરાયેલ સાથે ચાલી રહેલા ભીષણ સંઘર્ષ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાને પ્રથમ વખત યુદ્ધવિરામ અંગે મૌન તોડ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન વિસ્તારમાં શાંતિ ઈચ્છે છે, પરંતુ તે ઈઝરાયેલ કે અમેરિકા સામે ઝૂકશે નહીં. યુદ્ધ ખતમ કરવા માટે તેમણે રશિયા

...અનુસંધાન પાના 5 પર

બે ઓઇલ ટેન્કર જહાજો પર ઇરાની આત્મઘાતી બોટના હુમલા

ઇરાકના દરિયાકાંઠા નજીક બે જહાજો સાથે વિસ્ફોટકો ભરેલી બે હોડીઓ અથડાઇ, એક જહાજી કર્મચારીનું મોત

ભોગ બનેલા જહાજોમાંથી એક અમેરિકી માલિકીનું અને એક માલ્ટાનો ધ્વજ ધરાવતું જહાજ

દુબઇ, તા. ૧૨: ઇરાકના દરિયાકાંઠા નજીક બે ઓઇલ વાહક જહાજો પર હુમલાઓ થયા છે, આ બંને હુમલાઓ ઇરાન દ્વારા મોકલવામાં આવેલી વિસ્ફોટકો ભરેલી નૌકાઓ દ્વારા કરવામાં આવ્યા હતા એમ જાણવા મળે છે. ઈરાનના આ વિનાશક હુમલાના ફૂટેજમાં એક વિશાળ અગનગોળો ઝડપથી ફેલાતો અને જ્વાળાઓ વહાણોને લપેટમાં લેતી જોવા મળી હતી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા

...અનુસંધાન પાના 5 પર

ઈરાની આત્મઘાતી બોટનો અમેરિકી ઓઈલ જહાજ પર હુમલો: એક ભારતીયનું મોત

ન્યૂયોર્ક. ઈરાક નજીક યુએસ માલિકીના ઓઇલ જહાજ પર ઈરાન દ્વારા આત્મઘાતી બોટથી કરવામાં આવેલા હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયું હોવાના અહેવાલ છે. સૂત્રો દ્વારા મળેલી જાણકારી મુજબ, યુએસ માલિકીના અને માર્શલ આઇલેન્ડનો ધ્વજ ધરાવતા ઓઇલ જહાજ 'સેફસી વિષ્ણુ' પર ઈરાકની પ્રાદેશિક જળસીમામાં આવેલા ખોર અલ ઝુબેર બંદર પાસે ઈરાની આત્મઘાતી બોટ દ્વારા

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

ઈરાનના સર્વોચ્ચ નેતા સ્વ. ખામેની તેહરાન યુનિવર્સિટીમાં ફારસી ભણાવતા હતા

જે દિવસે કોંગ્રેસના અનેક નેતાઓ ભારતમાં ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી હુસૈની ખામેનીના પ્રતિનિધિ અબ્દુલ મજિદ હકીમ ઈલાહીને મળ્યા ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સૈયદ નસીર હુસૈને ઈલાહી સાથે તેહરાન સાથેના તેમના અંગત સંબંધોની વાત શેર કરી હતી. હુસૈને ઈલાહીને જાણ કરી કે, તેમના સ્વર્ગસ્થ સસરા એક સમયે તેહરાન યુનિવર્સિટીમાં પર્શિયન (ફારસી) સાહિત્ય ભણાવતા હતા. તેમણે તેમના સસરાના ઈરાનમાં રોકાણ અને તેને લગતા અનુભવો વિશે વાત કરી હતી. તાજેતરમાં દિલ્હીમાં ઈરાન કલ્ચર સેન્ટર ખાતે શોક વ્યક્ત કરવા આવતા લોકોની ચજમાની કરી રહેલા ઈલાહી, હુસૈનના આ ખુલાસાથી પ્રભાવિત દેખાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે વળતા જવાબમાં હુસૈનને તેમના સસરા વિશે કેટલાક પ્રશ્નો પણ પૂછ્યા હતા. યુએસ-ઇઝરાયેલ દળો દ્વારા ખામેનીની હત્યા પર નરેન્દ્ર મોદી સરકારના મૌન

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૨-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૯.૨° સે.	૨૨.૪° સે.	૩૪%

પેટ્રોલ પંપો અને LPG સેન્ટરો પર લાંબી કતારો

ઈંધણની અછતની અફવા વચ્ચે દેશભરમાં ગભરાટ

પેટ્રોલ, ડીઝલ, ગેસની તંગી સર્જાશે તેવા ભયને કારણે શરૂ થયેલી ગભરાટભરી ખરીદી, સરકારી ખાતરીઓની અસર નહીં

રાજ્યોની મધ્યાહન ભોજન યોજનાઓ પર અસર દેખાવા માંડી, કેટલાક સ્થળે વૈકલ્પિક બળતણ તરીકે ફરીથી લાકડાનો શરૂ થઇ રહેલો ઉપયોગ!

નવી દિલ્હી, 12 (PTI): પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઈંધણની અછત સર્જાશે તેવી આશંકા વચ્ચે દેશભરમાં ગભરાટમાં થયેલી ખરીદીને કારણે લોકો પેટ્રોલ પંપો અને ઘરેલું LPG આઉટલેટ્સ પર લાંબી કતારોમાં ઉભા જોવા મળ્યા હતા. જો કે, સરકારે ગુરુવારે સંસદમાં જણાવ્યું હતું કે પેટ્રોલ, ડીઝલ અને કેરોસીનની કોઈ અછત નથી અને

...અનુસંધાન પાના 5 પર

કેરોસીન, કોલસાનું પુનરાગમન

નવી દિલ્હી. પશ્ચિમ એશિયાના વધતા જતા સંકટને કારણે ખાડી દેશોમાંથી ઉર્જા પુરવઠામાં અવરોધ ઊભો થતા, ભારતે ઘરગથ્થુ વપરાશ માટે કેરોસીન અને હોટલ-રેસ્ટોરન્ટ માટે કોલસાનો અસ્થાયી ધોરણે ફરીથી ઉપયોગ શરૂ કર્યો છે. સરકારે રાજ્યોને રસોઈના બળતણ તરીકે વાપરવા માટે 1 લાખ કિલોલીટરના નિયમિત ક્વોટા ઉપરાંત 48,000 કિલોલીટર વધારાના કેરોસીનની ફાળવણી કરી છે.

...અનુસંધાન પાના 5 પર

પુરવઠાની સુરક્ષા અંગે સરકારની ખાતરી

કેન્દ્રીય તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં જણાવ્યું હતું કે: ભારત હવે માત્ર અખાતી દેશો પર નિર્ભર નથી. અમે રશિયા, અમેરિકા, નોર્વે, કેનેડા અને અલ્જેરિયા જેવા ૪૦ દેશોમાંથી તેલ અને ગેસ મંગાવી રહ્યા છીએ. દેશમાં LPG નું ઉત્પાદન ૨૮% વધારવામાં આવ્યું છે. દેશના ૧ લાખથી વધુ પેટ્રોલ પંપો પર ઈંધણનો પૂરતો જથ્થો છે. અછત નથી, માત્ર 'ડિમાન્ડ ડિસ્ટોર્શન' (માંગમાં અચાનક વધારો) છે. ભારત

...અનુસંધાન પાના 5 પર

મોદીની ઈરાની રાષ્ટ્રપતિ સાથે વાતચીત

પશ્ચિમ એશિયામાં વધી રહેલા ગંભીર તણાવ અને નાગરિકોના જાનમાલના નુકસાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયાન સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. આ સંવાદ દરમિયાન પીએમ મોદીએ વિસ્તારમાં હિંસા વધવા અને સામાન્ય લોકોના મૃત્યુ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે હાલના સંજોગોમાં ભારતીય નાગરિકોની સુરક્ષા અને માલસામાન તેમજ ઉર્જા પુરવઠાની અવિરત હેરફેર ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વડાપ્રધાને આ વિવાદનો ઉકેલ લાવવા માટે સંવાદ અને મુત્સદ્દીગીરીનો માર્ગ અપનાવવા પર ભાર મૂક્યો હતો અને શાંતિ સ્થાપવા માટે ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી હતી.

યુદ્ધમાં રોકાણકારોના રૂ. ૨૩.૪૪ લાખ કરોડ ધોવાયા

નવી દિલ્હી, તા. 12. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે શરૂ થયેલા ભીષણ લશ્કરી સંઘર્ષની જ્વાળાઓ વૈશ્વિક શેરબજારો સુધી પહોંચી છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી આ યુદ્ધ જેવી સ્થિતિને કારણે ભારતીય શેરબજારમાં ભારે ગભરાટ જોવા મળ્યો છે. ૨૭ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જના લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપિટલાઇઝેશનમાં ૨૩.૪૪ લાખ કરોડનું તોતિંગ ધોવાણ થયું છે. આ આર્થિક નુકસાન એટલું મોટું છે કે તેણે રોકાણકારોની કમર તોડી નાખી

...અનુસંધાન પાના 5 પર

ટ્રમ્પ ફરી ભારત પર ટેરિફ ઝીંકવાની ફિરાકમાં?

અમેરિકાની ભારત સહિત ૧૬ અર્થતંત્રો વિરુદ્ધ વ્યાપારી તપાસ

તપાસ હેઠળના દેશોમાં ભારત ઉપરાંત ચીન, બાંગ્લાદેશ, જાપાન, એશિયાના અનેક દેશો તથા યુરોપિયન યુનિયનના દેશોનો સમાવેશ

ક્યા દેશો તપાસ હેઠળ છે?

આ તપાસનો વ્યાપ ઘણો મોટો છે, જેમાં નીચે મુજબના દેશો અને ક્ષેત્રોનો સમાવેશ થાય છે: ભારત, ચીન, જાપાન, યુરોપિયન યુનિયન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, વિયેતનામ, તાઇવાન, થાઇલેન્ડ, બાંગ્લાદેશ, મલેશિયા, ઇન્ડોનેશિયા, સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે અને કંબોડિયા.

ન્યૂયોર્ક, તા. 12 (PTI): અમેરિકાએ ઉત્પાદન ક્ષેત્રને પ્રતિકૂળ અસર કરતી અનુચિત વિદેશી પ્રણાલિઓની તપાસ કરવા અને તેને ઉકેલવા માટે ભારત, ચીન, જાપાન અને EU (યુરોપિયન યુનિયન) સહિતના તેના વ્યાપારી ભાગીદારો વિરુદ્ધ તપાસ શરૂ કરી છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (USTR) જેમીસન ગ્રીરે ઉત્પાદન ક્ષેત્રોમાં માળખાગત વધારાની ક્ષમતા અને ઉત્પાદનને લગતી ટ્રેડ એક્ટ ઓફ 1974ની કલમ 301(b) હેઠળ વિવિધ અર્થતંત્રોના કાર્યો, નીતિઓ અને પ્રથાઓ અંગે તપાસ શરૂ કરવાની જાહેરાત કરી હતી. જે અર્થતંત્રો આ તપાસ હેઠળ છે તેમાં બાંગ્લાદેશ, કંબોડિયા, ચીન, યુરોપિયન યુનિયન, ભારત, ઇન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મલેશિયા, મેક્સિકો, નોર્વે, સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, તાઇવાન, થાઇલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે. USTR એ

...અનુસંધાન પાના 5 પર

યુદ્ધના પહેલા 6 દિવસમાં જ અમેરિકાએ રૂ. 1 લાખ કરોડનો ધુમાડો કર્યો

અમેરિકી સંરક્ષણ મંત્રાલય (પેન્ટાગોન). દ્વારા સેનેટમાં રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ આ યુદ્ધ અમેરિકાને ખૂબ જ મોંઘું પડી રહ્યું છે:

ઈરાન યુદ્ધના પ્રથમ ૬ દિવસમાં અમેરિકાનો $૧૧.૩ બિલિયનનો ધુમાડો: પેન્ટાગોનનો ચોંકાવનારો રિપોર્ટ

વોશિંગ્ટન: પેન્ટાગોનના અધિકારીઓએ અમેરિકી સેનેટની સંરક્ષણ સમિતિને બંધબારણે આપેલી માહિતી મુજબ, ઈરાન સામેના યુદ્ધના પ્રથમ છ દિવસમાં જ અંદાજે $૧૧.૩ બિલિયન (અંદાજે રૂ. 1 લાખ કરોડથી વધુ)નો ખર્ચ થયો છે. જોકે, કેટલાક સેનેટરોનું માનવું છે કે વાસ્તવિક આંકડો આનાથી ઘણો વધારે હોઈ શકે છે.

સેનેટર ક્રિસ ફૂન્સે પત્રકારોને જણાવ્યું હતું કે, આ $૧૧.૩ બિલિયનના આંકડામાં માત્ર ઓપરેશનલ ખર્ચનો સમાવેશ થાય છે. જે રીતે મિસાઈલો અને દારૂગોળાનો વપરાશ થઈ રહ્યો છે,

...અનુસંધાન પાના 5 પર